GJBK210002072026

**મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મું. લાખણી,જી.બનાસકાંઠા.**

**<u>ક્રિમીનલ કેસ નંબર:-૧૮૪/૨૦૨૬</u>**

ફરિયાદી :- **શ્રી સરકાર**

વિ રુ ઘ્ઘ

આરોપી :- **કલ્પેશકુમાર રતિલાલ ઠાકોર**

ઉ.વ.આ.ર૪, ધંધો.ખેતી

રહે.જાલોઢા, તા.દિયોદર, જી.વાવ-થરાદ.

**ગુનો:- એમ.વી.એકટ કલમ-૧૮પ,૩, ૧૮૧ તથા**
**પ્રોહી એકટની કલમ-૬૬(૧)બી મુજબ.**

***<u>-:ઠ રા વ:-</u>***

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૭/૧૨/૨૦૨પ ના રોજ કલાક.૧પ:૩૦ વાગ્યે આ કામના તહોદારે પોતાના હવાલાનુ મોટર સાયકલ નંબર જી.જે.૦ર.બીએલ.૩૮ર૮ ગે.કા અને વગર પાસ પરમીટે દારૂ પી નશો કરેલ હાલતમાં લાયસન્સ વગર ચલાવી મળી આવી, ફરિયાદીએ સરકાર તરફે આરોપી વિરુધ્ધ ફરિયાદ દાખલ કરતા તપાસના અંતે આ કોર્ટમાં સદરહુ ગુના અંગે ચાર્જશીટ રજુ કરેલ છે.

ર. આરોપી ચાર્જશીટના કામે હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવી. આરોપીની પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુનાનો સ્વૈચ્છિક ઈકરાર કરેલ છે. આ ઉપરાંત આરોપીએ ગુના કબુલાત પુરશીસ રજુ કરી ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે અને પોતાનો આ પ્રથમ ગુનો છે અને લાબું પહોળુ કુટુંબ ધરાવે છે તેમ જણાવી દયા કરી ગુનામાંથી મુકત કરવા તથા દંડનો હુકમ કરવા વિનંતી કરે છે.

૩. આરોપીની ઉપરોકત રજુઆત ધ્યાને લીધી. આરોપી સામેના ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ધ્યાનમાં લીધી. આરોપીની કબુલાત સાચી અને સ્વૈચ્છિક નહી માનવા કોઈ કારણ નથી. વધુમાં **ગુજરાત રાજ્ય વિ.નટવર હરચંદજી ઠાકોરના** ચુકાદામાં નામ.વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***હુ ક મ***

આ કામના આરોપી **કલ્પેશકુમાર રતિલાલ ઠાકોર** રહે.જાલોઢા, તા.દિયોદર, જી.વાવ–થરાદનાઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ અન્વયે એમ.વી.એકટ કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦૦/– ( અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ સ્પે.શીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:લાખણી.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(કુલદિપ આર. શર્મા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,લાખણી
CODE NO.GJ01641